# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૪/ક્વા-૧/૨૧-૨૨/૪૪૬૫-૧ તા.૨૯-૦૭-૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG - ૧૪/ક્વા-૧/૨૧-૨૨**

| | |
|---|---|
| અરજદાર | : ભટ્ટી ધીરુભા તખુભા તથા અન્ય ૦૭ ગામ: રાજકોટ |
| પેટા વિભાગીય કચેરી | : વાવડી |
| રજૂઆત કરનાર | : અરજદારો વતી તેઓના પ્રતિનિધિ તરીકે જયંતીભાઈ વોરા હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩ |
| રજૂઆત કરનાર | : નાયબ ઈજનેર શ્રી એસ.જી.સોજીત્રા પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩ અને પી.એ.વિઠલાપરા જુનીયર ઈજનેર પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી - વાવડી રાજકોટ હાજર રહેલ છે. |

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પી.જી.વી.સી.એલ., ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૨૭-૦૭-૨૦૨૧ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૩-૦૭-૨૦૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદારો વતી તેઓના પ્રતિનિધિ તરીકે (૧) ભટ્ટી લાલુભા મધુભા (૨) જયંતીભાઈ વોરા અને (૩) ચૌહાણ નિશાંતભાઈ બહાદુરભાઇ હાજર રહેલ હતા. તેમજ પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી કાર્યપાલક ઈજનેર શ્રી પી.જે.મહેતા પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩ હાજર રહેલ હતા. ત્યારબાદ સદર કેસની વધુ સુનાવણી તા.૨૭-૦૭-૨૦૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે તેઓએ કુલ ૦૮ સિંગલ ફેઈઝ વીજજોડાણો લેવા માટે વાવડી પેટા વિભાગીય કચેરીમાં આવકના દાખલા સાથે તમામ જરૂરી દસ્તાવેજ જોડીને તા.૦૮-૦૮-૧૯ ના રોજ અરજી કરેલ હતી.

૨.૧ ત્યારબાદ સદર અરજીઓ દસ્તાવેજીક પેપર્સની ચકાસણી કરીને પેટાવિભાગીય કચેરી દ્વારા સ્વીકારાયેલ. સદર માગણી મુજબની જગ્યા પર વીજજોડાણ આપવા માટે આશરે ત્રણ માસ પહેલા ખાડા પણ ખોદવામાં આવેલ. પરંતુ તેઓના જોડાણનું કામ ચાલુ ન થયેલ હોવાથી તા.૦૮-૦૬-૨૧ ના રોજ વાવડી પેટાવિભાગીય કચેરીમાં લેખિત અરજી આપ્યા બાદ પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૦૯-૦૬-૨૧ ના રોજ અનુક્રમે પત્ર નં. **VVSD – ૫૮૦૮** થી ૫૮૧૫ (કુલ ૦૮) થી નોટીસમાં સીમ વિસ્તારનો ઉલ્લેખ કરેલ છે.

૨.૨ વાવડી પેટાવિભાગીય કચેરીના અધિકારીએ અગાઉ જયારે સ્થળ પર તપાસ કરેલ ત્યારે જણાવેલ કે વીજજોડાણ મળી જશે ત્યારબાદમાં પોલના ખાડા કોન્ટ્રાકટર પાસે કરાવેલ તેઓના વિસ્તારની ખરાબાની જમીનમાં તેઓ કાચા પાકા મકાન બનાવીને સહપરિવાર રહે છે તેઓની આસપાસના લોકોએ લાઈટ કનેકશન લેવા માટે અરજી આપેલ ત્યારે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ – રાજકોટ દ્વારા અરજદારને જેજીવાય ફિડરમાંથી વીજજોડાણ આપવાની કાર્યવાહી કરવાની સુચના આપવામાં આવેલ છે.

૨.3 અરજદાર જણાવેછે કે તેઓની આસપાસ આવા ૨૪-૨૫ જોડાણો આપવામાં આવેલ છે જે પી.જી.વી.સી.એલ.ના રેકોર્ડમાં છે. ઈ.એસ.એમ.એ. (જીવન આવશ્યક ધારો) માનવ અધિકાર પંચ મુજબ લોકશાહીને ધ્યાનમાં રાખીને માંગવામાં આવેલા સિંગલ ફેઈઝ જોડાણો વહેલામાં વહેલી તકે મળે તેવી અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે અરજદાર શ્રી ભટ્ટી ધીરુભા તખુભા અને અન્ય ૦૭ ને ઝુપડપટ્ટી વીજળીકરણ યોજનામાં સિંગલ ફેઇઝ જોડાણોની માંગણી અન્વયેનો વિગતવાર અહેવાલ નીચે મુજબ છે.

3.૧ અરજદારો દ્વારા તા.૦૮.૦૮.૧૯ ના રોજ ઝુપડપટ્ટી યોજના હેઠળ વીજજોડાણ મેળવવા માટે વાવડી સબડીવીઝનમાં અરજી કરવામાં આવેલ હતી. જે અરજીઓની ખરાઈ કરતા અરજીઓમાં જણાયેલ અધુરાશ બાબતે જે તે સમયે સર્વે દરમ્યાન સ્થળ પર રૂબરૂ અરજદારોને આ વિજજોડાણ મળી શકે નહિ તેવી જાણ કરેલ હતી.

3.૨ સદર માંગણીવાળા વિજજોડાણના સ્થળો ગુગલ મેપના ફોટોમાં સ્પષ્ટ પણે જોઈ શકાય છે કે લાપાસરી ગામથી ઘણા દૂર ખેતીવાડી વિસ્તારમાં આવેલ છે.

3.3 રાજકોટ મહાનગર પાલિકાની હદ બહાર લાપસરીના ખેતીવાડી વિસ્તારમાં ગામની બહાર આવેલ હોય રાજકોટ મહાનગર પાલિકાના દાખલાના આધારે વિજજોડાણ આપી શકાય નહિ. તેમજ સદર જગ્યા પર ખેતીવાડીના વીજજોડાણ તેમજ પિયતના સાધનો જોવા મળેલ હોય આવી જગ્યાએ ઝુપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ જેજીવાય ફીડરમાંથી જોડાણો આપી શકાય નહિ તે બાબતની પુરતી સમજણ અરજદારોને વાવડી કચેરી દ્વારા રૂબરૂમાં આપવામાં આવેલ.

3.૪ અરજદારોને વાવડી કચેરી દ્વારા તા.૦૯.૦૬.૨૧ ના પત્રોથી દરેક અરજદારને માહિતગાર કરવામાં આવેલ તેમજ રજુ કરેલ લીસ્ટ મુજબ દરેક અરજદારોને માંગેલ જગ્યા પર ખેતીવાડી વિજજોડાણ આપવામાં આવેલ છે.

૩.૫ અરજદારની રજૂઆત મુજબ અગાઉ CGRF ના ચુકાદા મુજબ જે કોઈ વીજજોડાણો આપવામાં આવેલ તે નિયમ મુજબ જરૂરી દસ્તાવેજો તેમજ ખેતીવાડી બહારના વિસ્તારમાં આપવામાં આવેલ છે.

૩.૬ અરજદાર દ્વારા માંગણી મુજબના જોડાણનો તમામ વિસ્તાર ખેતીવાડી વિસ્તાર છે. વધુમાં ખેતીવાડી વિસ્તારની અંદર JGY ફીડર માંથી વિજજોડાણ આપવા સલામતીની દષ્ટિએ ઉચિત નથી. જેથી તમામ અરજદારોને તેઓની રજૂઆત મુજબ JGY ફીડર માંથી ઝુપડપટ્ટી યોજના હેઠળ વિજજોડાણ મળી શકે નહિ.

૩.૭ અરજદારની રજૂઆત અન્વયે વીજપોલના ખાડા પી.જી.વી.સી.એલ. દ્વારા કરવામાં આવેલ નથી કેમકે અરજીની નોંધણી બાદ સક્ષમ અધિકારીની તાંત્રિક મંજુરી મેળવ્યા બાદ કોન્ટ્રાકટરને સબ વર્ક ઓર્ડર ઇસ્યુ કર્યા બાદ જ કોન્ટ્રાકટર દ્વારા લાઈન કામગીરી કરવાની હોય છે. સદર કેઈસમાં કોઈ તાંત્રિક મંજુરી આપવામાં આવેલ ન હોય લાઈન કામગીરી કોન્ટ્રાકટરને સોપેલ જ ન હોય પી.જી.વી.સી.એલ. દ્વારા ખાડા કરવામાં આવેલ નથી.

૩.૮ ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખતા અરજદારોને તેઓની રજૂઆત મુજબ JGY ફીડર માંથી ઝુપડપટ્ટી યોજના હેઠળ વિજજોડાણ મળી શકે નહિ.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજૂઆત મુજબ શ્રી ભટ્ટી ધીરુભા તખુભા અને અન્ય ૦૭ અરજદારો એ લાપાસરી રોડ, સ્મશાન પાછળ કોઠારિયા રાજકોટ ખાતે ઝુપડપટ્ટી વીજળીકરણ યોજનામાં સિંગલ ફેઇઝ જોડાણો મેળવવા માટે નીચે મુજબની તારીખે અરજી કરેલ છે.

| અરજદારનું નામ | અરજીની તારીખ |
|---|---|
| (૧) ભટ્ટી ધીરુભાઈ તખુભાઇ | તા.૦૮-૦૮-૧૯ |
| (૨) ચૌહાણ બહાદુરસિંહ માનસિંહ | તા.૦૮-૦૮-૧૯ |
| (૩) બરાડિયા હિતેશભાઇ લક્ષ્મણભાઈ | તા.૦૮-૦૮-૧૯ |
| (૪) ચૌહાણ નિશાંતસિંહ બહાદુરસિંહ | તા.૦૮-૧૨-૨૦ |
| (૫) ચાવડા વિપુલભાઈ રતાભાઈ | તા.૦૮-૧૨-૨૦ |
| (૬) ચાવડા અંકુરભાઈ લાભુભાઈ | તા.૨૪-૧૦-૧૯ |
| (૭) ચાવડા મનોજભાઇ લાભુભાઈ | તા.૦૮-૦૮-૧૯ |
| (૮) દાણીધારિયા વિજયભાઈ અરવિંદભાઇ | તા.૨૪-૧૦-૧૯ |

૪.૨ ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારની અરજીઓ મુજબ નીચે મુજબની હકીકતો રજુ કરેલ છે.

(૧) ભટ્ટી ધીરુભાઈ તખુભાઇ

| Sr. | રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા | દસ્તાવેજી પુરાવા/ સ્થળ તપાસમાં જોવા મળેલ વિસંગતતા |
|---|---|---|
| 1 | રાજકોટ મહાનગર પાલિકા દાખલો | છેકછાક જોવા મળેલ છે, કોઠારીયા વિસ્તાર માટે છે. |
| 2 | બાજુ વાળાનું લાઇટબિલ | આશરે ૩.૫ કિમી દૂર આવેલ છે |
| 3 | કોર્પોરેટરનો દાખલો | વોર્ડ ૧૮ કોઠારીયા વિસ્તારમાં રહેણાક દર્શાવેલ છે |
| 4 | આવકનો દાખલો | લાપાસરી સરપંચ દ્વારા આપવામાં આવેલ છે |
| 5 | એડ્રેસ/ઓળખ નો પુરાવો | લાપાસરી ગામના છે |

| | | |
|---|---|---|
| 6 | રેશન કાર્ડ | લાપાસરી ગામનુ છે |
| 7 | મફતિયામાં મકાન નું સોગદનામું | મફતિયું નથી. ખેતીવાડી વિસ્તાર/માલીકીની જમીન છે |
| 8 | કનેક્શન ની કાર્યવાહી ના કરવાનું કારણ | ૧) બિડાણ સુસંગત નથી.<br>૨) ગામની બહાર ખેતીવાડી વિસ્તાર છે.<br>૩) એજી અને જેજીવાય ફિડરો મિક્સ થવાની શક્યતા રહેલ છે.<br>૪) સદર સ્થળે કૂવા પર ખેતીવાડી વિજજોડાણ ચાલુ છે.<br>૫) રાજકોટ મહાનગર પાલિકાની હદમાં આવતું નથી તથા ZP માટેના ગ્રામ્ય વિસ્તારને લાગુ પડતાં જરૂરી દાખલા આપવામાં આવેલ નથી. |

(૨) ચૌહાણ બહાદુરસિંહ માનસિંહ

| Sr. | રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા | દસ્તાવેજી પુરાવા/ સ્થળ તપાસમાં જોવા મળેલ વિસંગતતા |
|---|---|---|
| 1 | રાજકોટ મહાનગર પાલિકા દાખલો | વોર્ડ ૧૮ કોઠારીયા વિસ્તારમાં રહેણાક દર્શાવેલ છે |
| 2 | બાજુ વાળા નું લાઇટબિલ | આશરે ૩.૫ કિમી દૂર આવેલ છે |
| 3 | કોર્પોરેટર નો દાખલો | વોર્ડ ૧૮ કોઠારીયા વિસ્તારમાં રહેણાક દર્શાવેલ છે |
| 4 | આવકનો દાખલો | લાપાસરી સરપંચ દ્વારા આપવામાં આવેલ છે |
| 5 | એડ્રેસ/ઓળખ નો પુરાવો | રાજકોટ માં બિગ બજાર પાછળ, નાનામવા વિસ્તાર નું એડ્રેસ છે |
| 6 | રેશન કાર્ડ | લાપાસરી ગામ નુ છે |
| 7 | મફતિયામાં મકાન નું સોગદનામું | મફતિયું નથી. ખેતીવાડી વિસ્તાર/માલીકીની જમીન છે |
| 8 | કનેક્શન ની કાર્યવાહી ના કરવાનું કારણ | ૧) બિડાણ સુસંગત નથી.<br>૨) ગામની બહાર ખેતીવાડી વિસ્તાર છે.<br>૩) એજી અને જેજીવાય ફિડરો મિક્સ થવાની શક્યતા રહેલ છે.<br>૪) સદર સ્થળે બોર પર ખેતીવાડી વિજજોડાણ ચાલુ છે.<br>૫) રાજકોટ મહાનગર પાલિકાની હદમાં આવતું નથી તથા ZP માટે ના ગ્રામ્ય વિસ્તારને લાગુ પડતાં જરૂરી દાખલા આપવામાં આવેલ નથી. |

(૩) બરાડિયા હિતેશભાઇ લક્ષ્મણભાઈ

| Sr. | રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા | દસ્તાવેજી પુરાવા/ સ્થળ તપાસમાં જોવા મળેલ વિસંગતતા |
|---|---|---|
| 1 | રાજકોટ મહાનગર પાલિકા દાખલો | વોર્ડ ૧૮ કોઠારીયા વિસ્તારમાં રહેણાક દર્શાવેલ છે |
| 2 | બાજુ વાળા નું લાઇટબિલ | આશરે ૩.૫ કિમી દૂર આવેલ છે |
| 3 | કોર્પોરેટર નો દાખલો | વોર્ડ ૧૮ કોઠારીયા વિસ્તારમાં રહેણાક દર્શાવેલ છે |
| 4 | આવકનો દાખલો | લાપાસરી સરપંચ દ્વારા આપવામાં આવેલ છે |
| 5 | એડ્રેસ/ઓળખ નો પુરાવો | લાપાસરી ગામ ના છે |
| 6 | રહીશ/જાતિ નો દાખલો | લાપાસરી સરપંચ દ્વારા આપવામાં આવેલ છે |
| 7 | રેશન કાર્ડ | લાપાસરી ગામ નુ છે |
| 8 | સૂચિતની બાહેંધરી | ૩૦૦ ના બદલે ૧૦૦ ના સ્ટેમ્પ પેપર પર આપેલ છે. |
| 9 | મફતિયામાં મકાન નું સોગદનામું | મફતિયું નથી. ખેતીવાડી વિસ્તાર/માલીકીની જમીન છે |

| | | |
|---|---|---|
| 10 | કનેક્શન ની કાર્યવાહી ના કરવાનું કારણ | ૧) બિડાણ સુસંગત નથી.<br>૨) ગામની બહાર ખેતીવાડી વિસ્તાર છે.<br>૩) એજી અને જેજીવાય ફિડરો મિક્સ થવાની શક્યતા રહેલ છે.<br>૪) સદર સ્થળે કૂવા પર ખેતીવાડી વિજજોડાણ ચાલુ છે.<br>૫) રાજકોટ મહાનગર પાલિકાની હદમાં આવતું નથી તથા ZP માટે ના ગ્રામ્ય વિસ્તારને લાગુ પડતાં જરૂરી દાખલા આપવામાં આવેલ નથી. |

(૪) ચૌહાણ નિશાંતસિંહ બહાદુરસિંહ

| Sr. | રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા | દસ્તાવેજી પુરાવા/ સ્થળ તપાસમાં જોવા મળેલ વિસંગતતા |
|---|---|---|
| 1 | રાજકોટ મહાનગર પાલિકા દાખલો | વોર્ડ ૧૮ કોઠારીયા વિસ્તારમાં રહેણાક દર્શાવેલ છે |
| 2 | બાજુ વાળા નું લાઇટબિલ | આશરે ૩.૫ કિમી દૂર આવેલ છે |
| 3 | કોર્પોરેટર નો દાખલો | વોર્ડ ૧૮ કોઠારીયા વિસ્તારમાં રહેણાક દર્શાવેલ છે |
| 4 | આવકનો દાખલો | વેસ્ટ ઝેન ના મામલતદાર દ્વારા રાજકોટ વેસ્ટમાં રહેણાક માટે આપવામાં આવેલ છે. [કોઠારીયા વિસ્તાર ઈસ્ટ ઝેન માં આવે છે.] |
| 5 | એડ્રેસ/ઓળખ નો પુરાવો | લાપાસરી ગામ ના છે |
| 6 | રેશન કાર્ડ | લાપાસરી ગામ નુ છે |
| 7 | મફતિયામાં મકાન નું સોગદનામું | મફતિયું નથી. ખેતીવાડી વિસ્તાર/માલીકીની જમીન છે |
| 8 | કનેક્શનની કાર્યવાહી ના કરવાનું કારણ | ૧) બિડાણ સુસંગત નથી.<br>૨) ગામની બહાર ખેતીવાડી વિસ્તાર છે.<br>૩) એજી અને જેજીવાય ફિડરો મિક્સ થવાની શક્યતા રહેલ છે.<br>૪) સદર સ્થળે કૂવા માથી પિયત થાય છે બાજુમાં વારસામાં આવેલ ખેતીવાડી વિજજોડાણ ચાલુ છે.<br>૫) રાજકોટ મહાનગર પાલિકાની હદમાં આવતું નથી તથા ZP માટેના ગ્રામ્ય વિસ્તારને લાગુ પડતાં જરૂરી દાખલા આપવામાં આવેલ નથી. |

(૫) ચાવડા વિપુલભાઈ રતાભાઈ

| Sr. | રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા | દસ્તાવેજી પુરાવા/ સ્થળ તપાસમાં જોવા મળેલ વિસંગતતા |
|---|---|---|
| 1 | રાજકોટ મહાનગર પાલિકા દાખલો | વોર્ડ ૧૮ કોઠારીયા વિસ્તારમાં રહેણાક દર્શાવેલ છે |
| 2 | બાજુ વાળા નું લાઇટબિલ | આશરે ૩.૫ કિમી દૂર આવેલ છે |
| 3 | કોર્પોરેટર નો દાખલો | વોર્ડ ૧૮ કોઠારીયા વિસ્તારમાં રહેણાક દર્શાવેલ છે |
| 4 | આવકનો દાખલો | દક્ષિણ ઝેન ના મામલતદાર દ્વારા રાજકોટ દક્ષિણમાં રહેણાક માટે આપવામાં આવેલ છે. [કોઠારીયા વિસ્તાર ઈસ્ટ ઝેન માં આવે છે.] |
| 5 | એડ્રેસ/ઓળખ નો પુરાવો | ગઢવીનગર, કોઠારીયા વિસ્તાર ના છે |
| 6 | રેશન કાર્ડ | વિવેકાનંદ નગર, કોઠારીયા વિસ્તાર નુ છે |
| 7 | મફતિયામાં મકાન નું સોગદનામું | મફતિયું નથી. ખેતીવાડી વિસ્તાર/માલીકીની જમીન છે |

| | | |
|---|---|---|
| 8 | કનેક્શનની કાર્યવાહી ના કરવાનું કારણ | ૧) બિડાણ સુસંગત નથી.<br>૨) કનેક્શન માટેની જગ્યા લાપાસરી ગામની બહાર ખેતીવાડી વિસ્તાર બતાવેલ હોવાથી.<br>૩) એજી અને જેજીવાય ફિડરો મિક્સ થવાની શક્યતા રહેલ છે.<br>૪)સદર સ્થળે કૂવા પર ખેતીવાડી વિજજોડાણ ચાલુ છે.<br>૫) રાજકોટ મહાનગર પાલિકાની હદમાં આવતું નથી તથા ZP માટેના ગ્રામ્ય વિસ્તારને લાગુ પડતાં જરૂરી દાખલા આપવામાં આવેલ નથી. |

(૬) ચાવડા અંકુરભાઈ લાભુભાઈ

| Sr. | રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા | દસ્તાવેજી પુરાવા/ સ્થળ તપાસમાં જોવા મળેલ વિસંગતતા |
|---|---|---|
| 1 | રાજકોટ મહાનગર પાલિકા દાખલો | વોર્ડ ૧૮ કોઠારીયા વિસ્તારમાં રહેણાક દર્શાવેલ છે |
| 2 | બાજુ વાળાનું લાઇટબિલ | આશરે ૩.૫ કિમી દૂર આવેલ છે |
| 3 | કોર્પોરેટર નો દાખલો | વોર્ડ ૧૮ કોઠારીયા વિસ્તારમાં રહેણાક દર્શાવેલ છે |
| 4 | આવકનો દાખલો | દક્ષિણ ઝેન ના મામલતદાર દ્વારા રાજકોટ દક્ષિણમાં રહેણાક માટે આપવામાં આવેલ છે. [કોઠારીયા વિસ્તાર ઈસ્ટ ઝેન માં આવે છે.] |
| 5 | એડ્રેસ/ઓળખ નો પુરાવો | ગુંદાવાડી, રાજકોટ વિસ્તાર ના છે |
| 6 | રેશન કાર્ડ | ગુંદાવાડી, રાજકોટ વિસ્તાર ના છે |
| 7 | મફતિયામાં મકાન નું સોગદનામું | મફતિયું નથી. ખેતીવાડી વિસ્તાર/માલીકીની જમીન છે |
| 8 | કનેક્શન ની કાર્યવાહી ના કરવાનું કારણ | ૧) બિડાણ સુસંગત નથી.<br>૨) કનેક્શન માટેની જગ્યા લાપાસરી ગામની બહાર ખેતીવાડી વિસ્તારમાં "યદુવંશી ફાર્મ" બતાવેલ હોવાથી.<br>૩) એજી અને જેજીવાય ફિડરો મિક્સ થવાની શક્યતા રહેલ છે.<br>૪)સદર સ્થળે કૂવા પર ખેતીવાડી વિજજોડાણ ચાલુ છે.<br>૫) રાજકોટ મહાનગર પાલિકાની હદમાં આવતું નથી તથા ZP માટેના ગ્રામ્ય વિસ્તારને લાગુ પડતાં જરૂરી દાખલા આપવામાં આવેલ નથી. |

(૭) ચાવડા મનોજભાઇ લાભુભાઈ

| Sr. | રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા | દસ્તાવેજી પુરાવા/ સ્થળ તપાસમાં જોવા મળેલ વિસંગતતા |
|---|---|---|
| 1 | રાજકોટ મહાનગર પાલિકા દાખલો | વોર્ડ ૧૮ કોઠારીયા વિસ્તારમાં રહેણાક દર્શાવેલ છે |
| 2 | બાજુ વાળા નું લાઇટબિલ | આશરે ૩.૫ કિમી દૂર આવેલ છે |
| 3 | કોર્પોરેટર નો દાખલો | વોર્ડ ૧૮ કોઠારીયા વિસ્તારમાં રહેણાક દર્શાવેલ છે |
| 4 | આવકનો દાખલો | લાપાસરી સરપંચ દ્વારા આપવામાં આવેલ છે |
| 5 | રહીશ/જાતિ નો દાખલો | લાપાસરી સરપંચ દ્વારા આપવામાં આવેલ છે |
| 6 | એડ્રેસ/ઓળખ નો પુરાવો - આધારકાર્ડ | ગુંદાવાડી, રાજકોટ વિસ્તાર ના છે |
| 7 | એડ્રેસ/ઓળખ નો પુરાવો - ચુંટણી કાર્ડ | કેવડાવાડી શેરી નંબર-૨૧, રાજકોટ વિસ્તાર ના છે |
| 8 | મફતિયામાં મકાન નું સોગદનામું | મફતિયું નથી. ખેતીવાડી વિસ્તાર/માલીકીની જમીન છે |

| | | |
|---|---|---|
| 9 | કનેક્શન ની કાર્યવાહી ના કરવાનું કારણ | ૧) બિડાણ સુસંગત નથી.<br>૨) કનેક્શન માટેની જગ્યા લાપાસરી ગામની બહાર ખેતીવાડી વિસ્તારમાં "યદુવંશી ફાર્મ" બતાવેલ હોવાથી.<br>૩) એજી અને જેજીવાય ફિડરો મિક્સ થવાની શક્યતા રહેલ છે.<br>૪)સદર સ્થળે કૂવા પર ખેતીવાડી વિજજોડાણ ચાલુ છે.<br>૫) રાજકોટ મહાનગર પાલિકાની હદમાં આવતું નથી તથા ZP માટેના ગ્રામ્ય વિસ્તારને લાગુ પડતાં જરૂરી દાખલા આપવામાં આવેલ નથી. |

(૮) દાણીધારિયા વિજયભાઈ અરવિંદભાઇ

| Sr. | રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા | દસ્તાવેજી પુરાવા/ સ્થળ તપાસમાં જોવા મળેલ વિસંગતતા |
|---|---|---|
| 1 | રાજકોટ મહાનગર પાલિકા દાખલો | વોર્ડ ૧૮ કોઠારીયા વિસ્તારમાં રહેણાક દર્શાવેલ છે |
| 2 | બાજુ વાળા નું લાઇટબિલ | આશરે ૩.૫ કિમી દૂર આવેલ છે |
| 3 | કોર્પોરેટર નો દાખલો | વોર્ડ ૧૮ કોઠારીયા વિસ્તારમાં રહેણાક દર્શાવેલ છે |
| 4 | આવકનો દાખલો | દક્ષિણ ઝોન ના મામલતદાર દ્વારા રાજકોટ દક્ષિણમાં રહેણાક માટે આપવામાં આવેલ છે. કોઠારીયા વિસ્તાર ઈસ્ટ ઝોનમાં આવે છે. |
| 5 | રહીશ/જાતિ નો દાખલો | લાપાસરી સરપંચ દ્વારા આપવામાં આવેલ છે |
| 6 | એડ્રેસ/ઓળખ નો પુરાવો | સીતારામ સોસાયટી, કોઠારીયા વિસ્તારના છે |
| 7 | રેશન કાર્ડ | સીતારામ સોસાયટી, કોઠારીયા વિસ્તારના છે |
| 8 | મફતિયામાં મકાન નું સોગદનામું | મફતિયું નથી. ખેતીવાડી વિસ્તાર/માલીકીની જમીન છે |
| 9 | કનેક્શન ની કાર્યવાહીના કરવાનું કારણ | ૧) બિડાણ સુસંગત નથી.<br>૨) કનેક્શન માટેની જગ્યા લાપાસરી ગામની બહાર ખેતીવાડી વિસ્તારમાં બતાવેલ હોવાથી.<br>૩) એજી અને જેજીવાય ફિડરો મિક્સ થવાની શક્યતા રહેલ છે.<br>૪)સદર સ્થળે કૂવા પર ખેતીવાડી વિજજોડાણ ચાલુ છે.<br>૫) રાજકોટ મહાનગર પાલિકાની હદમાં આવતું નથી તથા ZP માટેના ગ્રામ્ય વિસ્તારને લાગુ પડતાં જરૂરી દાખલા આપવામાં આવેલ નથી. |

૪.૩ ઉપરોક્ત બાબતે દરેક અરજદારો ને વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા તા.૦૯-૦૬-૨૦૨૧ થી લેખિત જાણકારી આપેલ છે તે મુજબ માંગણી મુજબના વીજજોડાણનું સ્થળ ગામની બહાર સીમ વિસ્તારમાં ખેતીવાડીની હદમાં હોય ઝૂપડપટ્ટી યોજના હેઠળ વીજજોડાણ આપવાની કાર્યવાહી કરેલ નથી.

૪.૪ વધુમાં ઉપરોક્ત અરજદારની સ્થળ તપાસ કરતા ખેતીવાડી વીજજોડાણ નીચે મુજબ ચાલુ છે.

| અરજદારનું નામ | ખેતીવાડી ગ્રાહક નં. | ગ્રાહકનું નામ અને અરજદાર સાથે સબંધ |
|---|---|---|
| (૧) ભટ્ટી ધીરુભાઈ તખુભાઇ | **34503003429** | ધીરુભા તખુજી ભટ્ટી (પોતે) |
| (૨) ચૌહાણ બહાદુરસિંહ માનસિંહ | **34503050419** | બહાદુરસિંહ માનસિંહ (પોતે) |
| (૩) બરાડિયા હિતેશભાઇ લક્ષ્મણભાઈ | **34503003232** | લક્ષ્મણભાઈ હમીરભાઈ બરાડિયા (પિતાજી) |
| (૪) ચૌહાણ નિશાંતસિંહ બહાદુરસિંહ | **34503050052**<br>**34503050320** | સંધુજી વાલજી (દાદાજી) |
| (૫) ચાવડા વિપુલભાઈ રતાભાઈ | **34503003178** | કરશન લક્ષ્મણભાઈ ચાવડા (પિતાજી) |

| | | |
|---|---|---|
| (૬) ચાવડા અંકુરભાઈ લાભુભાઈ | **34503003291** | ચાવડા લાભુભાઈ લક્ષ્મણભાઈ (પિતાજી) |
| (૭) ચાવડા મનોજભાઇ લાભુભાઈ | **34503003291** | ચાવડા લાભુભાઈ લક્ષ્મણભાઈ (પિતાજી) |
| (૮) દાણીધારિયા વિજયભાઈ અરવિંદભાઇ | **34503003615** | અરવિંદભાઇ રામદાસભાઈ દાણીધારિયા (પિતાજી) |

**૪.૫** **ઉપરોક્ત મુદ્દા ન. ૪.૨ – ૪.૩ અને ૪.૪ મુજબ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કરાયેલ સ્થળ તપાસ મુજબ સદર વિસ્તાર લાપાસરી ગામના સીમ વિસ્તારમાં આવેલ હોય સદર અરજદારોને સિંગલ ફેઇઝ ઘર વપરાશના વીજજોડાણો ઝુંપડપટ્ટી યોજના હેઠળ JGY ફીડરમાંથી આપવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. વધુમાં વાડી વિસ્તારમાં છુટા છવાયા ઘરોમાં રહેણાંક હેતુ માટે પી.જી.વી.સી.એલ.ના પ્રવતમાન ધારા-ધોરણ મુજબ સિંગલ ફેઇઝ AG-RL કેટેગરી હેઠળ વીજ જોડાણ આપવામાં આવે છે તે માટે નિયમાનુસાર જરૂરી આધાર પુરાવા સાથે પી.જી.વી.સી.એલ.ની સબંધક કચેરી ખાતે અરજી કરવા અરજદારોને જાણકારી આપવામાં આવે છે.**

**૪.૬** **ઉપરોક્ત મુદ્દા નં. ૪.૫ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.**

**૪.૭** **આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.**

| | |
|---|---|
| **(એન.એચ.જોષી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯